PF-001-001627 Seat No. ______

# Third Year B. A. (Sem. VI) (CBCS) Examination

**March / April - 2020**

## Gujarati : Paper - 22

(અપઠિત : કાવ્યનો આસ્વાદ, ગદ્યખંડનું વિવરણ, સાહિત્યિક-સાંસ્કૃતિક નિબંધો)

*(Old Course)*

**Faculty Code : 001**
**Subject Code : 001627**

Time : $2\frac{1}{2}$ Hours] [Total Marks : **70**

**સૂચના :** નીચેના દરેક પ્રશ્નના ગુણ સરખા છે.

1 નીચેના કાવ્યનો આસ્વાદ કરાવો : **14**

મંગલ મંદિર ખોલો
દયામય !
મંગલ મંદિર ખોલો,
જીવન વન અતિ વેગે વટાવ્યું
દ્વાર ઊભો શિશુ ભોળો;
તિમિર ગયું ને જ્યોતિ પ્રકાશ્યો;
શિશુ ને ઉરમાં લ્યો, લ્યો,
દયામય !
મંગલ મંદિર ખોલો !
નામ મધુર તવ રટ્યો નિરંતર
શિશુ સહ પ્રેમે બોલો;
દિવ્ય તૃષાતુર આવ્યો બાલક,
પ્રેમ અમીરસ ઢોળો;
દયામય !
મંગલ મંદિર ખોલો !
- નરસિંહરાવ દિવેટિયા

**અથવા**

1 નીચેના કાવ્યનો આસ્વાદ કરાવો : 14

ગમતું મળે તો અલ્યા, ગુંજે ન ભરીએ
ને ગમતાંનો કરીએ ગુલાલ.
આડા દે આંક એ તો ઓશિયાળી આંગળી,
પંડમાં સમાય એવી પ્રીતિ તો પાંગળી,
સમંદરની લ્હેર લાખ સુણી ક્યાંય સાંકળી !
ખાડા ખાબોચિયાં ન બાંધી બેસાય,
આ તો વરસે ગગન ભરી વ્હાલ,
ગાંઠે ગરથ બાંધી ખાટી શું જિંદગી ?
સરી સરી જાય એને સાચવશે ક્યાં લગી ?
આવે તે આપ કરી પળમાં પસંદગી,
મુઠ્ઠીમાં રાખતાં તો માટીની પાંદડી
ને વેર્યે ફોરમનો ફાલ
ગમતું મળે તો અલ્યા ગુંજે ન ભરીએ
ને ગમતાંનો કરીએ ગુલાલ

- મકરંદ દવે

2 નીચેના ગદ્યખંડનું વિવરણ કરો : 14

કવિનું કાર્ય રસિક કૃતિઓ ઉત્પન્ન કરવાનું છે. અમૂર્ત વિચારો અને અનુમાનોના સિદ્ધાંતો કહેવાનું નથી. કવિ જે વિચારો અને અનુમાનો ઈષ્ટ હોય તે અમૂર્ત સૂત્રરૂપમાં ગોઠવવાને બદલે મૂર્તિઓ અને કૃતિઓના અંગ અને ગુણરૂપે તે પોતાની રચનામાં દાખલ કરે છે. કવિ સિદ્ધાંતો કહી બતાવતો નથી પણ પાત્રો અને વૃત્તાંતોના એવાં આનંદમય ચિત્રો આપે છે કે ચિત્રો ગ્રહણ કરનાર તે ચિત્રોમાં રહેલા સિદ્ધાંતો અનાયાસે અને વગર જાણ્યે ગ્રહણ કરી લે છે. કવિ જો સિદ્ધાંતોનું કથન કરવા બેસે તો આનંદમય રચનાનો ત્યાગ કરી તેને બીજા જ પ્રદેશમાં જવું પડે.

- રમણભાઈ નીલકંઠ

**અથવા**

2 નીચેના ગદ્યખંડનું વિવરણ કરો : 14

લોકગીત એ સાહિત્યનું મૂળ ધન કહેવાય. લોકવાર્તા જેમ ઈતિહાસ, પુરાણ અને નવલકથા ઈત્યાદિ અભિજાત સાહિત્યનો ઉગમ છે તેમ લોકગીતો પણ ખંડકાવ્ય અને મહાકાવ્ય, વીણાકાવ્ય અને ચારણકાવ્ય, નાટક અને ચમ્પૂ, દરેક રસાત્મક કૃતિનું મૂળ છે. લોકગીતોનું માધુર્ય વનલતાની શોભા જેવું સ્વભાવસુંદર હોય છે. કોઈ પણ સમાજનું સાચું સ્વરૂપ જોવું હોય તો તેના લોકગીત તરફ જોવું પડે.

- કાકાસાહેબ કાલેલકર

3 નિબંધ લખો : 14

આજના શિક્ષણની સમસ્યાઓ.

**અથવા**

3 નિબંધ લખો : 14

આજની યુવાપેઢીના પ્રશ્નો.

4 નિબંધ લખો : 14

સાહિત્ય અને સમાજાભિમુખતા.

**અથવા**

4 નિબંધ લખો : 14

વિવિધ કલાઓનું જીવનમાં સ્થાન.

5 નીચેનામાંથી કોઈ પણ **બે** ટૂંકનોંધ લખો : 14

(1) માનવજીવન અને ધર્મ

(2) સાહિત્ય અને જીવનમૂલ્યો

(3) દૃશ્યશ્રાવ્ય માધ્યમો અને પ્રશ્નો

(4) સાહિત્ય અને ટી.વી.